City Youth

નિરમા યુનિ.નાં ઈન્સ. ઓફ મેનેજમેન્ટનાં લિટરરી ક્લબ દ્વારા નોલેજ રૂમનું આયોજન કરાયું

# 42 તાલુકાઓમાં 27,400 ઉદ્યોગસાહસિકોને તૈયાર કર્યા : EDII

ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ,સંશોધન, તાલીમ અને સંસ્થા નિર્માણ માટે રાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ગ્રામીણ વિકાસ મંત્રાલયના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા અભિયાનની પેટાયોજના સ્ટાર્ટઅપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ અંતર્ગત ગામડામાં ગ્રામીણ આજીવિકા અને રોજગારીને તૈયાર કર્યા છે. જેમાં કુલ ઉદ્યોગ સાહસિકોમાં ૧૦,૮૩૯ મહિલાઓ,૧૬,૫૬૩ પુરુષો તથા એક ટ્રાન્સજેન્ડર છે. સંસ્થાએ ગુજરાત, મધ્યપ્રદેશ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, પશ્ચિમ બંગાળ, ઓડિસા, ઝારખંડ, છત્તિસગઢ, તેલંગાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશનાં રાજ્યોમાં ૪૨ તાલુકાઓમાં એસવીઈપીનો અમદ કર્યો છે. ઉપરાંત ઈડીઆઈઆઈએ અસમ અને ઉત્તરાખંડ એમ બે રાજ્યોમાં વધુ ૧૧ તાલુકાઓમાં આ માટેની પ્રક્રિયાઓ શરૂ કરી છે. એસવીઈપી ગામડાઓમાં રહેતા મોટી સંખ્યામાં યુવાનો માટે સ્વરોજગારીની કાયમી તકો ઊભી કરવા કટિબદ્ધ પેટાયોજના છે. આ ગ્રામીણ ઉદ્યોગ સાહસિકોને બેંકો અને નાણાકીય સંસ્થાઓમાંથી ધિરાણ આપવા માટે પણ કામ કરે છે.

આ પ્રોજેક્ટનાં વ્યાપ વિશે ઈડીઆઈઆઈનાં ડાયરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું હતુ કે, છેલ્લા થોડા વર્ષોમાં ઊભી થયેલી ઘણી કંપનીઓએ તેમનાં વ્યવસાયને નવી ઉંચાઈએ લઈ જવા વૃદ્ધિના તબક્કામાં પ્રવેશ કર્યો હતો. દેશમાં હાલ અતિ નાની કંપનીઓમાં મહત્વપૂર્ણ નોંધણી ન થયેલી કંપનીઓ મહત્વપૂર્ણ હિસ્સો ધરાવે છે. એસવીઈપીનો ઉદ્દેશ આમાંથી મોટા ભાગનાં ઉદ્યોગસાહસોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો અને તેમનાં બિઝનેસ મોડલ માટે ફંડ મેળવવામાં મદદ કરવાનો છે, જેથી તેઓ તેમની કામગીરી વધારે અને ગ્રામીણ વિસ્તારોમાંવધારે રોજગારી પેદા કરી શકે.



કુલ ઉદ્યોગસાહસિકોમાં ૧૦,૮૩૯ મહિલાઓ, ૧૬,૫૬૩ પુરુષો અને એક ટ્રાન્સજેન્ડર છે




છેલ્લા ચાર વર્ષમાં ઇડીઆઇ આઇએ ૧૧ રાજ્યોનાં ૪૨ તાલુકાઓમાં આશરે ૨૬,૪૦૦ ઉદ્યોગસાહસો ઊભા કર્યા અને ૨૭,૪૦૦થી વધારે ઉદ્યોગસાહસિકોને તૈયાર કર્યા